# પ્રાંતિજના સીતવાડા બે પુત્રીઓના માતા-પિતાનું સન્માન કરાયું

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના બોરીયા સીતવાડા ગામે પુત્રની પુણ્યતિથિના દિવસે પરિવાર દ્વારા બે પુત્રીઓના માતા પિતાનું



સન્માન કર્યું જાયન્ટસ ગુપે પણ ઉપસ્થિત રહીને સન્માન પત્ર આપ્યું.

પ્રાંતિજ બોરીયા સીતવાડા ગામે રહેતાં રાઠોડ કાળુસિંહ ગોબરસિંહ પરિવાર દ્વારા પોતાનાં પુત્ર ભરતસિંહ ની પુણ્યતિથિ નિમિત્તે બોરીયા સીતવાડા ખાતે રહેતાં બે દિકરીના માતા-પિતાનું શાલ શ્રીફળ આપીને સન્માન કરવામા આવ્યું હતું જયારે જાયન્ટસ ગુપ દ્વારા સન્માન પત્ર આપવામાં આવ્યું હતું અને ભજન કિર્તન કાર્યક્રમો યોજાયા હતાં જયારે મહિલા મંડળ દ્વારા પણ બેટી વધાવો અને બેટી બચાવો ના સંદેશ આપવામાં આવ્યાં હતાં જયારે આ પ્રસંગે પ્રાંતિજ- તલોદ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા,જિલ્લા સદસ્ય મિલ્કતસિંહ, પ્રાંતિજ ખાતે જાયન્ટસ સ્થાપક ડૉ.એન.કે.ડેરીયા, જાયન્ટસ પ્રમુખ મિતેષભાઈ પટેલ, રતિભાઈ ટેકવાણી, વજેશભાઈ ભાવસાર, હિરેનભાઈ સહિત ગામના આગેવાનો ગ્રામજનો વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

## અંબાજી અને છાપરી વચ્ચે અકસ્માત એકનુ મોત, એક ઘાયલ

પાલનપુર, તા. ૮

અંબાજી થી ચાર કિલોમીટર દુર સરદ છાપરી પાસે ટવેરા અને એકટીવા સ્કુટી અથડાતા અકસ્માત સજાયો હતો.

જેમા અંબાજી ના ઉતમભાઈ છોગાજી પુરોહિત નુ મોત નિભજેલ છે જયારે એક ઈસમ ને ગંભીર ઈજાઓ તથા તેને સારવાર અર્થે પાલનપુર ખસેડવામો આવ્યા છે અંબાજી થી આબુરોડ તરફ જતી ટવેરાકાર નંબરઆર જે ૩૮ એ ૪૪૫૫ એ અંબાજી તરફ આવતી એકટીવાને અથડાતા આ અકસ્માત સર્જાયો હતો.







મોડાસાના સોમનાથ મહાદેવ અને પીપળેશ્વરના મંદિરમાં એક મુખી રૂદ્રાક્ષ સિદ્ધિકરણના આયોજન માટે મહંત શ્રી વિષ્ણુપ્રસાદ શાસ્ત્રી દ્વારા મોડાસા સહકારી જીનના મેદાનમાં લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. લોકડાયરામાં જિલ્લા નાયબ પોલીસ વડા કે.એફ. બડોલીયા, નગરપાલિકા પ્રમુખ વનિતાબેન પટેલ સહિત શહેરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. લોક સંગીતકાર જીગ્નેશ કવિરાજ અને તેની ટીમે ભજનોની રમઝટ બોલાવી મોડાસાની ધર્મપ્રેમી જનતાના મન મોહી લીધા હતા. નિશુલ્ક લોક ડાયરામાં મહાયજ્ઞમાં લોકોએ નોટબંધીની અસર ભૂલીને મન મૂકીને રૂપિયાનો વરસાદ વરસાવી દીધો હતો. જીગ્નેશ કવિરાજ પર ડાયરો શરુ થતાં અંત સુધી ધર્મપ્રેમી લોકોએ સતત રૂપિયાનો ધોધ વરસાવી મહાયજ્ઞમાં દાનની સરવાણી કરી દીધી હતી.

# લાંક જળાશયમાં જમીન આપવા ખેડૂતોનો સાફ ઈન્કાર : કામગીરી હાથ ધરાઈ

## ગૌચરની જમીન ફાળવતા ગામ લોકોએ ઉગ્ર વિરોધ કર્યો : જમીન પરત મળે તેવી માંગ

અરવલ્લી, તા.૮

એરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના ડેમાઈ પાસે આવેલા લાંક



ગામે વષો પહેલા લાંક જળાશય માટે ડેમ બનાવવામાં આવ્યો હતો.ડેમ બંધાતા આજુબાજુના વિસ્તારોમાં પાણીની છૂટ થશે તે હેતુથી સ્થાનિક લોકોએ પોતાની ખેતી લાયક જમીન આ ડેમ બનાવવા માટે સરકારને આપી હતી.ત્યારે આ જમીનના બદલામાં સરકાર ધ્વારા તેમને બાજુના ગામમાં આવેલા ગૌચરમાં જમીન ફળવાતા ગામ લોકોએ ઉગ્ર વિરોધ કર્યો હતો.જેથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે જમીન સંપાદદનની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આજથી ૬૦ વર્ષ પહેલા લાંક જળાશય યોજના માટે લાંક ગામે સરકાર ધ્વારા ડેમ મંજુર કરવામાં આવ્યો હતો.અને આ ડેમ માટે જે લોકોએ જમીન આપી હતી તેવા લોકોને ૧૯૯૯ની સાલમાં પુનઃ વસવાટ હેતુ ડુબમાં ગયેલી જમીન માલિકોને જમીન સંપાદન કરી જમીનની ફાળવણી કરવા સરકાર ધ્વારા હુકમ કરવામાં આવ્યો હતો.લાંક વિસ્તારમાં આવેલા તાલોદ , સવેલા ગામની ગૌચર જમીનોને સરકાર ધ્વારા સરકાર હસ્તક કરી લેવામાં આવી હતી.સ્થાનિક લોકો જણાવી રહ્યા છે કે ગૌ ચર જમીનને શ્રી સરકાર જમીન કરવામાં આવી છે.પરંતુ સ્થાનિક લોકોને સરકાર ધ્વારા કોઈ પણ પ્રકારની જાણ કરવામાં આવી નથી.કે કોઈ ગ્રામ સભા બોલાવવામાં આવી નથી.અને આ ગૌચરની જમીન સંપાદન કરી જમીનની ફાળવણી કરવામાં આવશે તો તાલોદ અને સવેલા સહિત ૧૩ ગામના વિસ્તારના લોકોને ગૌચર કે ખરાબાની પશુઓને ચરાવવા માટેની જમીન પુરતી રહેશે નહિ.બાજુના ગામના લોકો અહી વસવાટ કરશે તો સ્થાનિક લોકો નું શું . વગેરે કારણો સાથે ઉગ્ર વિરોધ કર્યો હતો અને ગૌચરની જમીન તેમને પરત મળે તેવી માંગણી કરી હતી.

બાયડ તાલુકાના ડેમાઈ પાસે આવેલા લાંક ગામે વર્ષો પહેલા લાંક જળાશય યોજના માટે લાંક ગામના



જે લોકોની જમીન ડૂબમાં ગઈ હતી તેવા ખેડૂતોને ખેતીની જમીન ફાળવવાનો સરકાર ધ્વારા હુકમ કરવામાં આવ્યો હતો. જેથી જીલ્લા કલેકટર ધ્વારા ૧૯૯૯ની સાલમાં હુકમ કરવામાં આવ્યો હતો.જેથી જે અસરગ્રસ્તોની જમીન ડૂબમાં ગઈ હતી તેવા અસરગ્રસ્તોને ખેતીની જમીન આપવાની પોલીસી સરકારે નક્કી કરી દીધી છે.જેથી આ જે જમીન સંપાદનની ફાળવણી કરવામાં આવી છે તેની માપણી કરવામાં આવી હતી.

લાંક ડેમમાં ડુબમાં ગયેલી જમીન માટે સરકારે અસરગ્રસ્તોને જમીન સંપાદન થાય તે હેતુ થી તે વિસ્તારના અન્ય ગામડામાં જમીનની ફાળવણી કરવા માપણીની શરૂઆતતો કરી છે પરંતુ સરકારના આ નિર્ણય સામે સ્થાનિક લોકો વિરધ ઉઠાવી રહ્યા છે.જેથી હાલ આ જમીન સંપાદન મામલે આવનાર દિવસોમાં સ્થાનિક રહીશોમાં અને આજુબાજુના ગામોના લોકો વચ્ચે ઘર્ષણ થાય તો નવાઈની વાત નહિ.

# શિહોરી-દિયોદર રોડ પર આવેલી કપાસ બિયારણની મિલોનું કેમિકલવાળું પાણી કાઢતાં પશુ-પંખીનાં મોતનો ભય

કાંકરેજ, તા.૮

કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરીથી દિયોદર રોડ



ઉપર કુંવારવા - આકોલી - ખસા પાસે કપાસ બિયારણની જિનિંગ મીલો આવેલી છે. આ મિલોવાળા કેમિકલથી અને પાણીથી કપાસીયાને સાફ કરે છે. જે કેમિકલવાળું પાણી રોડની સાઈડોમાં નિકાલ કરે છે. જેથી કરી પશુપક્ષીઓ આવા કેમિકલવાળા પાણી પીવાથી મોતને ભેટે છે.

જયારે માર્ગ અને મકાન વિભાગ તથા વનવિભાગ દ્વાર તે કોઈ અન્ય તંત્ર જવાબદાર અધિકારીઓ આ બાબતે યોગ્ય કાર્યવાહી કરે તેવું ધર્મપ્રેમી જનતા અને પર્યાવરણપ્રેમીઓની માંગ ઉઠવા પામી છે. અગાઉ બે વર્ષ પહેલાં કુંવારવાની મિલ દ્વારા આવું ગંદુ પાણી ઠલવાતાં અનેક પંખીઓ મોતને ભેટ્યા હતા. તેમજ ખસા પાટીયા પાસે આવેલા દિવ્ય સિડ્સ મીલમાંથી કેમિકલવાળું ગંદુ પાણી પણ બેરોકટોક નિકલા કરાય છે. પરંતુ તંત્રના અધિકારીઓ આ બાબતે અજાણ કેમ છે? જેવા વેધક સવાલો રાહદારીઓ તથા ધર્મપ્રેમી જનતામાં ચર્ચાઈ રહ્યા છે. ત્યારે આકોલી અને ખસા પાટીયા વચ્ચે અનિતા સિડ્સ પ્રોસેસીંગ પ્લાન્ટ (મીલ) નવી શરુ કરાઈ છે. જેનું પાણી પણ જાહેરમાં બેરોકટોક રોડની સાઈડમાં નિકલા થઈ રહ્યું છે. ત્યારે જોવું એ રહ્યું કે તંત્ર કયારે જાગશે અને પગલાં ભરી યોગ્ય નિકાલ કરાવશે ખરાં?

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## ધનસુરા ચાર રસ્તા પાસે ટ્રાફિકનો પ્રશ્ન વિકટ બનતો જાય છે

ધનસુરા, તા. ૮

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના મુખ્ય મથક ધનસુરા ખાતે ચાર રસ્તા આગળ વારંવાર ટ્રાફિક જામ થઈ જાય છે. રોજના અસંખ્ય વાહનોની અવરજવર રહે છે. પરપ્રાંતના લોડેડ ટ્રકો આ ચાર રસ્તે થઈ જાય છે. વારંવાર ટ્રાફિક જામ થઈ જાય છે. પોલીસ સાથે લોકો ટ્રાફિક કંટ્રોલ કરવા મદદ કરે છે.

આ ચાર રસ્તા આગળ બેફામ દોડતા વાહનોના કારણે ક્યારેક અકસ્માત સર્જાય છે. અત્યાર સુધી અકસ્માતમાં ચાર વ્યક્તિઓએ જાન ગુમાવ્યા છે. વાહનોની અવરજવર સાથે આ રોડ ક્રોસ કરનાર રાહદારીઓ પણ પરેશાન થઈ જાય છે. વડાગામ રોડ ઉપર પાંચ જેટલી શૈક્ષણિક સંસ્થાઓ આવેલ છે. આ સંસ્થાઓના વિદ્યાર્થીઓ સવાર સાંજ ચાર રસ્તા ક્રોસ કરી જવુ પડે છે.

# પ્રાંતિજ ચિત્રિણી નર્સિંગ કોલેજ એન્ડ સ્કુલ ખાતે શપથવિધિ સમારોહ

પ્રાંતિજ તા.૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલ્વેસ્ટેશન જુનાબાકલપુર પાસે



આવેલા જ્ઞાનયોગ એજયુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટસંચાલિત સંસ્થાઓ પૈકી ચિત્રિણી નસહ્રગ કોલેજ ખાતે આવેલા કેમ્પસમાં ઓથટેકીગ સેરેમની શપથ ગ્રહણ સમારોહ યોજાયો હતો જેમાં નસહ્રગ કોલેજ ના વિધાર્થી ઓએ શપથ લીધાં હતાં.

પ્રાંતિજ ચિત્રિણી નર્સિંગ કોલેજ ખાતે નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ વિદ્યાર્થીનીઓ નો સેરેમની શપથગ્રહણ સમારોહ યોજાયો હતો જેમાં આઈ. એ. કડીવાલા, જયંતએમ.ઉપેરીયા, સી.કે.પટેલ, મેનેજિંગ ટ્રસ્ટી એ.કે.પટેલ, કોલેજ સંચાલક - નૃપાંશ.એ.પટેલ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.જયારે આ પ્રસંગે ગુજરાતી ફિલ્મ છેલ્લાં દિવસ



ની હિરોઈન પ્રાપ્તિ અજવાળીયા અને ધનશ્યામના નામે થી ઓળખાતાં જીગ્નેશભાઈ મોદી ઉપસ્થિત રહીને દિપપ્રાગટ્ય કરી કાર્યક્રમ ને ખુલ્લો મુકયો હતો જયારે આવનાર મહેમાનોનું પુષ્પકુંજ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.અને આવેલ મહેમાનો દ્વારા વિધાર્થીઓને કેન્ડલ સેરેમની શપથ લેવડાવામાં આવ્યા હતાં વિધાર્થીઓએ શપથ લઈને નિષ્ઠા પૂર્વક ફરજ અદાકરવના શપથ લીધાહતા. જયારે છેલ્લાં દિવસ ફિલ્મ ના બન્ને કલાકારો ને જોવાં લોકો ના ટોળી ટોળાં ઊમટી પડયા હતાં ત્યારે બન્ને કલાકારે ફિલ્મી અદાથી ઉપસ્થિત પ્રેક્ષકો ના દિલ જીતી લીધાં હતાં જયારે ડાન્સ, ગરબા, ગીત વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમો ભાગલઈને વિદ્યાર્થીઓ વિદ્યાર્થીઓએ આવનાર મહેમાનો તથા વાલી પ્રેક્ષકો ના દિલ પણ જીતી લીધા હતાં.

## બનાસકાંઠા જિલ્લામાં ૧૧મીએ નેશનલ લોક અદાલત યોજાશે

પી.પી. જાડેજા ત્રીજા એડીશ્નલ સીની. સીવીલ જજ અને સચિવ જિલ્લા કાનુની સેવા સત્તામંડળ પાલનપુર દ્વારા જણાવ્યા મુજબ આગામી તા. ૧૧-૨-૨૦૧૭ના રોજ રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળ, નવી દિલ્હી તથા ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ જિલ્લાના કાનુની સેવા સત્તામંડળ પાલનપુર તેમજ તાલુકા કાનુની સેવા સમિતિ પાલનપુરના ઉપક્રમે પાલનપુરની કોર્ટોમાં તથા બનાસકાંઠા જિલ્લાની તમામ તાલુકા કોર્ટોમાં સને ૨૦૧૭ની પ્રથમ મેગા નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

આ લોક અદાલતમાં બેંક રીકવરી, એમ.એ.સી.ટી., માંડવાળપાત્ર ફોજદારી, એન.આઈ. એક્ટ, લગ્ન સંબંધીત વિવાદ, જમીન સંપાદન, વીજ અને પાણી બિલ, મહેસુલ કેસો તેમજ સમાધાન લાયક તમામ પ્રકારના કેસો લેવાશે. આ અંગે વધુ માહિતી માટે જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ પાલનપુર ફોન નં. ૦૨૭૪૨ ૨૬૧૪૯૫ અથવા નજીકની અદાલતનો સંપર્ક કરી શકાશે.

## મહેસાણા ખાતે શ્રી વિશા શ્રીમાળી સુખડીયા સમાજનો સમુહ લગ્નોત્સવ યોજાયો

મહેસાણા, તા. ૮

ઉત્તર ગુજરાતના સુખડીયા સમાજનો ૨૨મો સમુહ લગ્નોત્સવ આજરોજ બહુચરાજી મુકામે યોજાયો હતો. જેમાં ૨૫ થી વધુ દંપતિઓએ ભાગ લીધો હતો અને સમાજ દ્વારા રીતરિવાજોમાં ખર્ચ બચાવવાની જે ઝુંબેશ ચાલે છે તેમાં પોતાનું યોગદાન આપ્યુ હતુ.

આ પ્રસંગે રવિવારે યોજાયેલ સમાજના અગ્રણીઓની બેઠકમાં ભારત સરકારના સ્વચ્છતા અભિયાનમાં પોતાનું યોગદાન આપવું અને વેપાર વ્યવસાય સાથે સંકળાયેલ તમામ વેપારી મિત્રો ડિઝીટે લાઈઝેશન અપનાવે તે માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સમાજના અગ્રણી દિલીપભાઈ સુખડીયાએ જણાવ્યું હતું કે આવનાર દિવસોમાં અમો એક સેમિનાર યોજીને ભારત સરકાર દ્વારા રજુ કરાયેલ ભીમ એપ અને ડિઝીટીલાઈઝેશન ન વ્યાપક વપરાશની જાણકારી આપવાના છીએ અને રાજ્ય સરકાર દ્વારા જે કાંઈ પ્રોત્સાહક યોજનાઓ અમલમાં મુકાય છે તેની જાણકારી આપવામાં આવશે.

આ પ્રસંગે જ્ઞાતિમા મહત્વનું યોગદાન આપનાર રાજેન્દ્ર સુખડીયા અને હરીષભાઈ સુખડીયાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિશા શ્રીમાળી સુખડિયા જ્ઞાતિ સમાજના અગ્રણી રોહિતભાઈ, જયંતીભાઈ મહારાજ, સતિષભાઈ સુખડિયા વગેરેએ પ્રાસંગીક પ્રવચનો કર્યા હતા.

# મોડાસા કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા યોજાયેલ પ્રયોગશીલ નાટક

મોડાસા, તા.૮

જિલ્લા કલેકટર અરવલ્લી દ્વારા આયોજિત વોટર ડે (મતદાતા દિન)ની ઉજવણીના ભાગરૂપે આ નાટક અરવલ્લી જિલ્લાના જુદા જુદા ગામડાઓમાં ભજવાય તેની ઈચ્છા વ્યક્ત કરી હતી. મહાલક્ષ્મી ટાઉનહોલમાં સૌ સ્થળો આ નાટક ભજવવા માટે ડેપ્યુટી કલેકટર ઈલેકશન દવે એ અનુકૂળતા કરી આપી હતી અને કલાકારોને પ્રોત્સાહિત કર્યા હતા.



વિવિધ સંસ્થાઓએ પોતાની કૃતિ રજૂ કરી હતી. જેમાં મોડાસાની લાટીવાળા પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા કૉલેજના પ્રશિક્ષણાર્થીઓએ 'હું વોટ આપવા જઈશ' નાટકની શાનદાર રજૂઆત કરી હતી. કલેકટર અરવલ્લી અને તમામ ઉચ્ચ અધિકારીઓ દ્વારા તેની સરાહના કરવામાં આવી હતી.

અરવલ્લી જિલ્લાના વિવિધ પ્રથમ આ નાટક ભજવાયું ત્યારબાદ ઉમેદપુર મુકામે આ નાટકની રજૂઆત કરવામાં આવી. નાટકના લેખક-દિગ્દર્શક ડૉ. સંતોષ દેવકર, સહ દિગ્દર્શક વ્રજેશ પંડ્યા, તથા લાટીવાળા કૉલેજના વિદ્યાર્થીઓએ અભિનયના ઓજશ પાથર્યા હતા. રોયલ, પ્રિયંકા, દીપલ, પાયલ, હની, ગાયત્રી, રંજન, ભાવના, આરતી વગેરે મહિલા કલાકારો દ્વારા જ સમગ્ર નાટકની રજૂઆત કરવામાં આવી હતી. સંગીત જેકે આપ્યું હતું. મ.લા.ગાંધી ઉ.કે. મંડળના પ્રમુખ નવીનચંદ્ર આર. મોદી અને ઉપપ્રમુખ સુભાષભાઈ શાહે અભિનંદન પાઠવ્યા હતા.



## ભિલોડા વિદ્યાલયમાં કેલેન્ડર વિમોચનનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન.આર.એ.વિદ્યાલય પટ્ટાંગણમાં કેલેન્ડર-૨૦૧૭ વિમોચનનો કાર્યક્રમ યોજાયો હતો.જન સેવા સંઘ પ્રમુખ ગીરીશકુમાર ઉપાધ્યાય, ઉપપ્રમુખ રોહિતભાઈ ત્રિવેદી, મંત્રી ભુપેન્દ્રભાઈ પંડ્યા, ત્રિલોકીનાથ વિષ્ણું મંદીર ટ્રસ્ટ ચેરમેન ગુણવંતભાઈ ત્રિવેદી, જન સેવા સંઘ ટ્રસ્ટી ભરતભાઈ ત્રિવેદી, ગોપાલભાઈ જોષી, નરેશભાઈ ત્રિવેદી, વાલી મંડળ પ્રમુખ વિકાસભાઈ ચૌહાણ, પ્રફુલ્લભાઈ ઉપાધ્યાય, રમેશભાઈ જોષી, લલીતભાઈ જોષી, ભદ્રભાઈ ત્રિવેદી, જીતેન્દ્રભાઈ પંડ્યા, જીતેન્દ્રભાઈ જોષી, હસમુખભાઈ ત્રિવેદી સહિત જન સેવા સંઘના ઉત્સાહી સભાસદો, સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યા હતા. એન.આર.એ. વિદ્યાલય ભુતપુર્વ વિદ્યાર્થી પ્રફુલ્લભાઈ ઉપાધ્યાયએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## ભેંસાવાડા ખાતે ચૌધરી સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાયો

અરવલ્લી જિલ્લા ઓજલા ફાઉન્ડેશન દ્વારા ચતુર્થ લગ્નોત્સવ અરવલ્લી જિલ્લાના ભેંસાવાડા ખાતે ધામધૂમથી ઉજવાયો હતો. આ સમુહ લગ્નમાં ૧૯ યુગલ લગ્નગ્રંથીથી જોડાયા હતા. યુવા આયોજકો દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે અરવલ્લી જિલ્લાના ચૌધરી સમાજના ભાઈ બહેનોએ વિશાળ સમુદાયમાં ઉપસ્થિત રહી લગ્નગ્રંથીથી જોડાયેલ તમામ યુગલોને આશિર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે સમાજના આગેવાનોએ સમૂહ લગ્નના આયોજકોને અભિનંદન પાઠવી આભાર માન્યો હતો.